ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 27th April, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ધોરણ -૬ થી ૯ માટે

### ત્રિ-દિવસીય વેકેશન વર્કશોપ "ટેકનોલોજી મારો ~~દુશ્મન~~ મિત્ર" નું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષયને જીલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરના લોકોને વિજ્ઞાનાભિમુખ કરવાના ઉમદા હેતુથી ૧૭ વર્ષથી વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

વેકેશનના ખેલ-કૂદના સમયગાળામાં વિદ્યાર્થીઓ રમત સાથે ગણિત- વિજ્ઞાન અને ટેકનોલોજીને પણ કુશળતાથી સમજી એવા હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા મે મહિનાના ત્રીજા અઠવાડિયા દરમિયાન ત્રિ-દિવસીય વેકેશન વર્કશોપ "ટેકનોલોજી મારો ~~દુશ્મન~~ મિત્ર"નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ધોરણ ૬ થી ૯ (૧૧વર્ષ થી ૧૪ વર્ષ) સુધીના વિદ્યાર્થીઓ માટે વૈદિક ગણિતની ગમ્મત સાથે સાયન્સ મોડેલ્સ ,રંગ મિશ્રણ તથા મોબાઈલ મારો મિત્ર જેવા વિષયો સાથે વિવિધ ઉપયોગી મોબાઈલ એપ્લીકેશનની માહિતી સાથે શકે પોતાની આગવી વિચારશક્તિને સારી રીતે કેળવી શકે એ માટે આ વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવનાર છે.

આ વર્કશોપની ફક્ત ૩૫ બાળકોની મર્યાદા હોવાથી આ વર્કશોપની વધુ માહિતી અને ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ તા.૧૦-૦૫-૨૦૧૯ સુધીમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, પંજાબ નેશનલ બેંકની પાછળ, સંસ્કાર મંડળ, હિલ ડ્રાઇવ, ભાવનગર ખાતે રૂબરૂ અથવા

ફોન : 88 66 570 111 (WhatsApp) પર સંપર્ક કરવા અનુરોધ.

27-05-2019
4:55 pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar